**ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ-૧૯ હેઠળ ફોજદારી કાર્યવાહી માંડવા (પ્રોસીક્યુશન)ની મંજૂરી અંગેના હુકમો બહાર પાડવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ લરવ–૩૧૯૭–ઓડી–૮–હ,
સચિવાલય, ગાંધીનગર, તા.૪–૪–૨૦૦૨

## પરિપત્ર

ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ હેઠળ રાજ્ય સેવક સાથે નોંધાયેલ ગુના સંબંધમાં સક્ષમ સત્તાધિકારીએ પ્રોસીક્યુશન માટે મંજૂરી આપવી જરૂરી છે. આવી મંજૂરી આપવા માટે ગૃહ વિભાગના તા.૧–૧–૯૮ના સરખા ક્રમાંકના પરિપત્રથી નમુનાઓ નિયત કરેલ છે. આ ઠરાવેલ નમૂનાઓમાં મંજૂરી આપતા હુકમો બહાર પડવાની સક્ષમતા અંગે / હુકમોમાં સહી કરવાની સક્ષમતા અંગે કેટલાક કિસ્સામાં સંબંધિત અદાલતો દ્વારા પ્રશ્નો ઉપસ્થિત કરેલ હતા. આ બાબતે વિવિધ વિભાગોની ફાઈલ ઉપર કાયદા વિભાગનો અભિપ્રાય મેળવતા, કાયદા વિભાગની સલાહ અનુસાર આવી મંજૂરીના હુકમમાં સક્ષમ સત્તાધિકારીની મંજૂરી બાદ સહી માટે ગુજરાત સરકારના કામકાજના નિયમોના નિયમ–૧૩માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે :

> ''૧૩. રાજ્ય સરકારના દરેક હુકમો અથવા લેખ ઉપર સચિવ, અધિક સચિવ, ખાસ સચિવ, સંયુકત સચિવ, નાયબ સચિવ, ઉપ સચિવ, સહાયક સચિવે અથવા સેકશન અધિકારીએ સહી કરવી જોઇએ અને આવી સહી તેવા હુકમ અથવા લેખનું યોગ્ય પ્રમાણિકરણ ગણાશે.''

ઉકત જોગવાઇઓ જોતાં, આવા હુકમોમાં ઉકત નિયમમાં ઠરાવેલ કોઇપણ અધિકારી દ્વારા સહી કરી શકાય છે. આ બાબતને લઇને કોર્ટમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો આ પરિપત્રની સુચનાઓ અને સરકારના કામકાજના નિયમો અદાલત સમક્ષ રજૂ કરી, યોગ્ય રજૂઆત થાય તે જોવા પણ આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**સુભાષ સોની**
ઉપ સચિવ,
ગૃહ વિભાગ,